કરણના ૭૦ પ્રકાર છે. કહ્યું પણ છે કે-' પિંડવિસોહી સેસઈ " ઇત્યાદિ— કરણ અનુષ્ઠાનરૂપ હોય છે, તે ધાર્મિક આદિ સ્વામિભેદની અપેક્ષાએ ત્રણ પ્રકારનું કહ્યું છે. સંયતનું જે અનુષ્ઠાન હોય છે તેને ધાર્મિક કરણ કહે છે, અસંયતના અનુષ્ઠાનને અધાર્મિક કરણ કહે છે, તથા દેશસંયતના અનુષ્ઠાનને ધાર્મિકાધાર્મિક કરણ કહે છે. ધાર્મિક કરણ ધર્મરૂપ જ હોય છે, તે ભાવને અનુલક્ષીને જ સૂત્રકારે અહીં ધર્મભેદનું કથન કર્યું છે-" તિવિહે ધમ્મે " ઇત્યાદિ ધર્મ શ્રુત ચારિત્રરૂપ હોય છે. ભગવાને આ ધર્મ ત્રણ પ્રકારનો કહ્યો છે— સુધર્મા સ્વામીએ જંબૂ સ્વામીને એવું કહ્યું છે કે-" ધર્મ ત્રણ પ્રકારના હોય છે એવું સ્વયં મહાવીર ભગવાને કહ્યું છે-હુ ધર્મના જે ત્રણ પ્રકાર કહું છું તે મારૂ પોતાનું કથન નથી પણ ભગવાન મહાવીરનું જ કથન છે. "

ધર્મના તે ત્રણ પ્રકાર નીચે પ્રમાણે છે-(૧) સ્વધીત, (૨) સુધ્યાત અને (૩) સુતપસ્યિત આ ત્રણેનો ઉત્તરોત્તર અવિનાભાવી એકવાર બીજાનું નહોવાપણું સંબંધ

अत्र श्रुतमितिगम्यं तेन यदा श्रुतं स्वधीतं, सु-सुष्ठु कालविनयाद्याराधनयाऽधीतं गुरुसकाशात्सूत्रतः पठितं तत्तथा, तथा सुध्यातं, सु-सुष्ठुविधिना गुरुसकाशादेव व्याख्यानेनार्थतः श्रुत्वा ध्यातम्-अनुपेक्षितम्, अनुपेक्षणाया अभावे तत्त्वानवगमेनाध्ययनश्रवणयोः प्रायोऽकृतार्थत्वादिति। अनेन भेदद्वयेन श्रुतधर्मो विवक्षितः तथा सुतपस्वियतं, सु-सुष्ठु इहलोकाद्याशंसारहितत्वेन तपस्वितं-तपस्यानुष्ठानम्। अनेन च चारित्रधर्मः प्रोक्त इति। एवं यदा श्रुतं स्वधीतं भवति तदा सुध्यातं भवति, निर्दोषाध्ययनं विना श्रुतार्थाप्रतीतेः सुध्यातस्याऽसम्भावात्, यदा सुध्यातं

उत्तरोत्तर अविनाभाव सम्बन्ध दिखाने के निमित्त-"जया" इत्यादि, सूत्र का कथन करते हैं-वहां श्रुत ऐसा पद लगा लेना चाहिये। अतः जब श्रुत कालविनय आदि की आराधना पूर्वक गुरु से सूत्र के रूप में अधीत होता है तब वह श्रुत स्वधीत कहा जाता है और जब वह गुरु से व्याख्या द्वारा सार्थक हुवा सुनकर बार २ विचारित होता है तब वह श्रुत सुध्यात होता है। क्यों कि अनुपेक्षा बार बार विचार किये विना तत्त्व का अवगम नहीं होता है इन दो भेदों से श्रुतधर्म विवक्षित हुवा है, और सुतपस्वित पद से चारित्र धर्म कहा गया है। इस लोक आदि की आशंसा से रहित होकर जो तपस्या का अनुष्ठान है वह सुतपस्वित है। इस तरह श्रुत जब स्वधीत होता है तब वह सुध्यात होता है, क्यों कि-निर्दोष अध्ययन किये विना जीव को श्रुतार्थ की प्रतीति नहीं होती है उसकी प्रतीति के अभाव में वह सुध्यात नहीं

બતાવવાને માટે સૂત્રકાર "जया" ઇત્યાદિ સૂત્રોનું કથન કરે છે-ત્યા "શ્રુત" એવું પદ લગાવી લેવું જોઇએ. જ્યારે શ્રુત કાલવિનય આદિની આરાધનાપૂર્વક ગુરુ પાસેથી સૂત્રના રૂપમાં અધીન થાય છે, ત્યારે તે શ્રુતને સ્વધીત શ્રુત કહે છે. અને જ્યારે ગુરુની સમીપે વ્યાખ્યાન દ્વારા સાર્થક શ્રવણ કરીને જ્યારે તેના પર વારંવાર વિચાર કરવામાં આવે છે, ત્યારે તે શ્રુત સુધ્યાત થાય છે, કારણ કે વારંવાર વિચાર કર્યા વિના તત્ત્વનો અવગમ (બોધ) થતો નથી. આ બે હેતુની અપેક્ષાએ અહીં શ્રુતધર્મનું વર્ણન કરવામાં આવ્યું છે, અને 'સુતપસ્વિત' પદથી ચારિત્ર ધર્મનું કથન કરાયું છે. આલોક આદિની આશંસા (કામના) થી રહિત થઇને જે તપસ્યાનું અનુષ્ઠાન કરવામાં આવે છે તેને 'સુતપસ્વિત' કહે છે. આ રીતે શ્રુત જ્યારે સ્વધીત હોય છે, ત્યારે જ સુધ્યાત હોઈ શકે છે, કારણ કે નિર્દોષ અધ્યયન કર્યા વિના જીવને શ્રુતાર્થની પ્રતીતિ થતી નથી, અને તેની પ્રતીતિના અભાવમાં તે સુધ્યાત થઇ શકતું

भवति तदा सुतपस्वितं भवति, तदभावे च ज्ञानविकलतया सुतपस्वितस्याभावा दिति । ' से ' इति सः स्वधीतादित्रयरूपो धर्मः । स्वाख्यातः-सुष्ठूक्तः सम्यग्ज्ञान-क्रियारूपत्वात्, ज्ञानक्रिययोश्चैकान्तिकात्यन्तिकसुखाबन्ध्योपायत्वेन निरुपचरितधर्मत्वात्, प्रज्ञप्तः-प्ररूपितः, केनेत्याह—भगवता श्रीमहावीरेणेति । सुगतिधारणाद्धि धर्मः, उक्तञ्च—

"नाणं पयासयं सोहओ तवो संजमो य गुत्तिकरो ।
तिण्हंपि समाओगे, मोक्खो जिणसासणे भणिओ ॥ १ ॥"

छाया—ज्ञानं प्रकाशकं शोधकं तपः संयमश्च गुप्तिकरः ।
त्रयाणामपि समायोगे मोक्षो जिनशासने भणितः ॥ १ ॥ इति । सू. ८४॥

हो सकता है, जब वह सुध्यात होता है तब वह सुतस्थित होता है, सुध्यात के अभाव में ज्ञान विकल होने के कारण उसमें सुतपस्थित का अभाव आता है। इस प्रकार स्वधीतादि त्रयरूप धर्म सम्यग्ज्ञान क्रियारूप होने से स्वाख्यात हुवा है अच्छी तरह से कथित हुवा है। अर्थात् ज्ञान एवं क्रिया में ऐकान्तिक एवं आध्यात्मिक सुख का सकल उपाय होने से वह श्रुत चारित्ररूप धर्म निरुपचारित धर्मरूप से वास्तविक सच्चे धर्मरूप से कहा गया है ऐसा कथन भगवान् महावीर ने किया है तात्पर्य इसका ऐसा है कि जीव को जो संसारिक दुःखों से छुडाकर सुगति में प्राप्त करा देता है वही सच्चा धर्म है, ऐसा सच्चा धर्म श्रुतचारित्र रूप ही हो सकता है अन्य नहीं। कहा भी है-"नाणं पयास यं-" इत्यादि, ज्ञान प्रकाशक होता है तप शोधक होता है और संयम

નથી. જ્યારે તે સુધ્યાત થાય છે, ત્યારે જ સુતપસ્થિત પણ થઇ શકે છે. સુધ્યાતના અભાવમાં જ્ઞાનવિકલ હોવાને કારણે તેનામાં સુતપસ્થિતતાનો અભાવ રહે છે. આ પ્રકારનો સ્વધીતાદિત્રય રૂપ (સ્વધીત, સુધ્યાત, સુતપસ્થિત) ધર્મ સમ્યગ્જ્ઞાન ક્રિયા રૂપ હોવાથી તેને સાચા ધર્મ રૂપે પ્રતિપાદિત કરવામાં આવ્યો છે. એટલે કે "જ્ઞાન અને ક્રિયામા ઐકાન્તિક અને આધ્યાત્મિક સુખનો સફલ ઉપાય હોવાથી શ્રુતચારિત્રરૂપ ધર્મને નિરુપચરિત ધર્મ રૂપે વાસ્તવિક સાચા ધર્મ રૂપે પ્રતિપાદિત કરાયો છે." આ પ્રકારનું કથન મહાવીર ભગવાને જ કરેલુ છે. આ કથનનું તાત્પર્ય એ છે કે જીવને જે સાંસારિક દુઃખોમાંથી છોડાવીને સુગતિ પ્રાપ્ત કરાવે છે, એ જ સાચો ધર્મ છે એવો સાચો ધર્મ શ્રુતચારિત્ર રૂપ જ હોઇ શકે છે-અન્ય નહીં. કહ્યું પણ છે કે—

"नाणं पयासयं" इत्यादि—

पूर्वं श्रुतपरियतमित्यनेन चारित्रं प्रोक्तं, तच्च प्राणातिपातादिनिवृत्तिरूप-मिति तस्या भेदानाह—

मूलम्--तिविहा वावत्ती पण्णत्ता, तं जहा-जाणू, अजाणू, वितिगिच्छा, एवं अज्झोववज्जणा परियावज्जणा ॥ सू०८५ ॥

तिविहे अंते पण्णत्ते, तं जहा-लोयंते, वेयंते, समयंते सू०८६॥

तओ जिणा पण्णत्ता, तं जहा—ओहिणाणजिणे, मणप-ज्जवणाणजिणे, केवलणाणजिणे १ । तओ केवली पण्णत्ता, तं जहा-ओहिणाणकेवली, मणपज्जवणाणकेवली, केवलणाणके-वली २ । तओ अरहा पण्णत्ता, तं जहा-ओहिनाणअरहा, मण-पज्जवनाण अरहा, केवलनाण अरहा ३ ॥ सू० ८७ ॥

छाया-त्रिविधा व्यावृत्तिः प्रज्ञप्ता, तद्यथा—ज्ञायिका, आज्ञायिका, विचिकित्सा । एवम् अध्युपपादना, पर्यापादना ॥ सू० ८५ ॥

रक्षक होता है, और जब इन तीनों का एक ही आत्मा में योग मिल जाता है—तब उस आत्मा की मुक्ति हो जाती है ऐसा जिन शासन में कहा गया है ॥ सू०८४ ॥

"श्रुततपस्थित" इस पद से चारित्र कथन हुवा है यह चारित्र प्राणाऽतिपात आदि की निवृत्तिरूप होना है, अतः अब सूत्रकार उस निवृत्ति के भेदों का कथन करते हैं—"तिविहा वावत्ती पण्णत्ता" इत्यादि,

व्यावृत्ति तीन प्रकारकी कही गईहै जैसे—ज्ञायिका १ अज्ञायिका २

"જ્ઞાન પ્રકાશક હોય છે, તપ શોધક હોય છે અને સંયમ રક્ષક હોય છે, અને જ્યારે આ ત્રણેનો એક જ આત્મામાં સમન્વય (યોગ) થઈ જાય છે, ત્યારે તે આત્માની મુક્તિ થઇ જાય છે." એવું જિનશાસનમાં કહ્યું છે. સૂ. ૮૨ થી ૮૪ ॥

"श्रुततपस्थित" આ પદ દ્વારા ચારિત્રની પ્રરૂપણા કરવામાં આવી. તે ચારિત્ર પ્રાણાતિપાત આદિની નિવૃત્તિ રૂપ હોય છે તેથી હવે સૂત્રકાર આ નિવૃત્તિના ભેદોનું કથન કરે છે—"तिविहा वावत्ति पण्णत्ता" ઇત્યાદિ—

વ્યાવૃત્તિ ત્રણ પ્રકારની કહી છે. જેમકે (૧) જ્ઞાયિકા, (૨) અજ્ઞાયિકા

त्रिविधः अन्तः प्रज्ञप्तः, तद्यथा-लोकान्तः, वेदान्तः, समयान्तः ॥सू०८६॥

त्रयो जिनाः प्रज्ञप्ताः, तद्यथा-अवधिज्ञानजिनः, मनःपर्यवज्ञानजिनः, केवलज्ञानजिनः १ । त्रयः केवलिनः प्रज्ञप्ताः, तद्यथा-अवधिज्ञानकेवली, मनःपर्यवज्ञानकेवली, केवलज्ञानकेवली २ । त्रयः अर्हन्तः प्रज्ञप्ताः, तद्यथा-अवधिज्ञानार्हन मनः पर्यवज्ञानार्हन्, केवलज्ञानार्हन् ३ ॥ सू० ८७ ॥

टीका—' तिविहा वावत्ती ' इत्यादि ।

व्यावर्त्तनं-व्यावृत्तिः हिंसादेः कियदवधिनिवर्त्तनं, सा त्रिविधा तथाहि-ज्ञायिका-ज्ञस्य हिंसादीनां हेतुस्वरूपफलज्ञायकस्य ज्ञानपूर्विका व्यावृत्तिः, साऽपि

और विचिकित्सा ३। इस प्रकार अध्युपपादना और पर्यापादना भी तीन तीन प्रकार की कही गई है ॥ सू०८५ ॥

अन्त तीन प्रकार का कहा गया है जैसे लोकान्त वेदान्त और समयान्त ॥ सू०८६ ।

जिन तीन प्रकार के कहे गये हैं, जैसे अवधिज्ञानजिन मनःपर्यवज्ञानजिन और केवलज्ञानजिन। १ केवली तीन प्रकार के कहे गये हैं, जैसे-अवधिज्ञानकेवली मनः पर्यवज्ञानकेवली और केवलज्ञानकेवली। २ अर्हन्त तीन प्रकार के कहे गये है, जैसे-अवधिज्ञानार्हन्त, मनःपर्यवज्ञानार्हन्त और केवलज्ञानार्हन्त ३

भावार्थ — इन ८५ - ८६ और ८७ सूत्रों का भावार्थ इस प्रकार से है हिंसादि पापों का कितनी अवधि तक निवर्तन होना इसका नाम व्यावर्तन है, तात्पर्य इसका यह है कि हिंसादिक पापों से एकदेश निवर्तन होना इसका नाम देशनिवर्तन है। और

અને (૩) વિચિકિત્સા. એ જ પ્રમાણે અધ્યુપપાદના અને પર્યાપાદના પણ ત્રણ ત્રણ પ્રકારની કહી છે. ॥ સૂ. ૮૫ ॥

અન્ત ત્રણ પ્રકારના કહ્યા છે—(૧) લોકાન્ત, વેદાન્ત અને (૩) સમયાન્ત. ॥ સૂ. ૮૬ ॥

જિન ત્રણ પ્રકારના કહ્યા છે—(૧) અવધિજ્ઞાન જિન, (૨) મનઃપર્યવજ્ઞાન જિન અને (૩) કેવલજ્ઞાન જિન. । ૧ ।

કેવલી ત્રણ પ્રકારના કહ્યા છે—(૧) અવધિજ્ઞાન કેવલી, (૨) મનઃપર્યવજ્ઞાન કેવલી અને (૩) કેવળજ્ઞાન કેવલી. । ૨ ।

અર્હંત ત્રણ પ્રકારના કહ્યા છે—(૧) અવધિજ્ઞાનાર્હંન્ત, (૨) મનઃપર્યવજ્ઞાનાર્હંન્ત અને (૩) કેવળજ્ઞાનાર્હંન્ત. । ૩ । ॥ સૂ. ૮૭ ॥

હવે ૮૫, ૮૬ અને ૮૭ માં સૂત્રનો ભાવાર્થ પ્રકટ કરવામાં આવે છે— હિંસાદિ પાપોનું અમુક મર્યાદામાં નિવર્તન થવું તેનું નામ વ્યાવર્તન છે.

तदभेदाद् ज्ञायिका प्रोच्यते। अज्ञायिका तद्विपरीता। या तु विचिकित्सातः-संशयात् निमित्तनिमित्तिनोरभेदाद् विचिकित्सेत्यभिहिता। व्यावृत्तिरित्यनेन पूर्वं

मन वचन काय से हिंसादिक पापों का सर्वदेश से त्याग करना उस से निवर्तन होना, इसका नाम सर्वदेश निवर्तन है। यह निवर्तनरूप व्यावृत्ति तीन प्रकार की कही गई है। उसमें प्रथम प्रकार में जो हिंसादिकों के हेतु का, उनके स्वरूप का, और उनके फल का ज्ञाता होकर उनका निवर्तन करता है सो वह निवर्तनरूप व्यावर्तन उसका ज्ञान पूर्वक होनेके कारण "ज्ञायिका व्यावृत्ति' हिंसादिकर्मसे निव्रतहोना इसका नाम व्याव्रत्ति है. वे तीन प्रकारकी हैं ऐसा कहा जाताहै "ज्ञास्य व्यावृत्तिः" "ज्ञायिका व्यावृत्तिः" इसके अनुसार ज्ञायक (ज्ञाता) की जो आवृत्ति है वह ज्ञायिका आवृत्ति है,। इस तरह से जो यहां व्यावृत्ति को ज्ञायिका कहा गया है वह अभेद सम्बन्ध से कहा गया है,। अर्थात्-ज्ञायक ने जो पापादिकों की व्यावृत्ति की है वह अपने ज्ञान से की है, अतः-वह ज्ञायक के ज्ञान का कार्य है, परन्तु इस कार्य को जो "ज्ञायिका" पद से कहा गया है वह उसकी व्यावृत्ति करने वाले आत्मा में और की गई उस व्यावृत्ति में अभेद मानकर कहा गया

આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-હિંસાદિક પાપોમાંથી દેશતઃ (અંશતઃ) નિવર્તન થવું તેનું નામ દેશનિવર્તન છે, અને મન, વચન અને કાયાથી હિંસાદિક પાપોનો સર્વદેશથી (સંપૂર્ણતઃ) ત્યાગ કરવો તે પાપોમાંથી નિવૃત્ત થવું તેનું નામ સર્વદેશ નિવર્તન છે તે નિવર્તન રૂપ વ્યાવૃત્તિ ત્રણ પ્રકારની કહી છે. જે હિંસાદિકોના હેતુનો, તેમના સ્વરૂપનો, અને તેમના ફલનો જ્ઞાતા થઈને જ્યારે જીવ તેમનો ત્યાગ કરે છે, ત્યારે જીવના તે ત્યાગ (નિવર્ત) રૂપ વ્યાવર્તન જ્ઞાનપૂર્વક થતું હોવાને કારણે તેને "જ્ઞાયિકા વ્યાવૃત્તિ" કહે છે. "જ્ઞસ્ય વ્યાવૃત્તિઃ જ્ઞાયિકા વ્યાવૃત્તિઃ" આ કથન અનુસાર જ્ઞાયક (જ્ઞાતા) ની જે વ્યાવૃત્તિ છે તેનુ નામ જ "જ્ઞાયિકા વ્યાવૃત્તિ" છે આ રીતે અહીં જે વ્યાવૃત્તિને જ્ઞાયિકા કહેવામાં આવેલ છે, તે અભેદ સંબંધની અપેક્ષાએ કહેવામાં આવેલ છે એટલે કે જ્ઞાયકે (જ્ઞાતાએ) જે પાપાદિકોની વ્યાવૃત્તિ (નિવૃત્તિ કરી છે, તે પોતાના જ્ઞાનથી જ કરી છે, તેથી તે જ્ઞાયકના જ્ઞાનના કાર્યરૂપ છે, પરંતુ તે કાર્યને જે "જ્ઞાયિકા" પદથી પ્રકટ કરવામાં આવ્યું છે, તે તેની વ્યાવૃત્તિ કરનારા આત્મામાં અને કરવામાં આવેલી તે વ્યાવૃત્તિમાં અભેદ માનીને કહેવામાં આવ્યુ છે,

चारित्रं मोक्तं, तद्विपक्षभूते चाशुभाध्यवसायानुष्ठाने इति तयोर्भेदानतिदेशेनाह-'एव'-मित्यादि। एवं-व्यावृत्तिवत् अध्युपपादना पर्युपादनाऽपि विज्ञेया, तत्र-अध्युपपादनम् अध्युपपादना इन्द्रियार्थेष्वासक्तिः, तत्र विषयजन्यमनर्थं जानतोऽपि तत्राध्युपपत्तिः सा 'जाणू' इति, ज्ञायिकाऽध्युपपादना। या त्वजानतस्तत्राध्युपपत्तिः सा 'अजाणू' इति अज्ञायिका। या तु संशयवतो विषयेष्वध्युपपत्तिः सा विचिकित्साध्युपपादना। एवं पर्युपादन पर्युपादना-पर्युपादना-पर्युपत्तिरासे

है। तथा-अज्ञानी आत्मा की जो इनके स्वरूप फल और हेतु को जाने विना इनसे व्यावृत्ति होती है वह अज्ञानिका व्यावृत्ति है। तथा जो हिंसादिक से व्यावृत्ति संशय से होती है वह व्यावृत्ति विचिकित्सा व्यावृत्ति है यहां निमित्त और निमित्ती में अभेद सम्बन्ध मानकर विचिकित्साको "व्यावृत्ति" कहा गया है। इन्द्रियोंके अर्थोंमें जो आसक्ति है वह अध्युपपादना है यह अध्युपपादना आसक्ति भी व्यावृत्तिकी तरह ज्ञायिका अज्ञायिका और विचिकित्सा के भेद से तीन प्रकार की है इनमें विषयजन्य अनर्थ को जानते हुवे भी जो उनमें आत्मा की आसक्ति है वह ज्ञायिका अध्युपपादना है। तथा-जो अज्ञान से विषयादिकों में आसक्ति होती है वह अज्ञायिकी अध्युपपादना है। तथा जो संशयवाले आत्मा की विषयों में आसक्ति है, वह विचिकित्सा अध्युपपादना है,

અજ્ઞાની આત્મામાં, તેમના સ્વરૂપ (હિંસાદિકોનું સ્વરૂપ), તેમનું ફલ અને તેમના હેતુઓને જાણ્યા વિના, તે હિંસાદિક પાપોમાંથી જે વ્યાવૃત્તિ (નિવર્તન) થાય છે તેને અજ્ઞાનિકા વ્યાવૃત્તિ કહે છે. તથા સંશયથી આત્મા હિંસાદિકોનો જે ત્યાગ કરે છે, તે ત્યાગરૂપ વ્યાવૃત્તિને 'વિચિકિત્સા વ્યાવૃત્તિ' કહે છે. અહીં નિમિત્ત અને નિમિત્તીમાં અભેદ સંબંધ માનીને વિચિકિત્સાને 'વ્યાવૃત્તિ' કહેવામાં આવેલ છે

ઇન્દ્રિયોના વિષયમાં જે આસક્તિ હોય છે તેને અધ્યુપપાદના કહે છે. તે અધ્યુપપાદનાના પણ વ્યાવૃત્તિની જેમ જ્ઞાયિકા, અજ્ઞાયિકા અને વિચિકિત્સા રૂપ ત્રણ ભેદ કહ્યા છે. વિષયજન્ય(વિષયોથી થનારા) અનર્થને જાણવા છતાં પણ તેમાં આત્માની જે આસક્તિ હોય છે તેને 'જ્ઞાયિકા અધ્યુપપાદના' કહે છે, તથા અજ્ઞાનને કારણે વિષયાદિકોમાં આત્માની જે આસક્તિ હોય છે તેને 'અજ્ઞાયિકા અધ્યુપપાદના' કહે છે સંશયવાળા આત્માની વિષયોમાં જે આસક્તિ હોય છે તેને 'વિચિકિત્સા અધ્યુપપાદના' કહે છે.

આસેવનાને પર્યાપાદના કહે છે. તે પર્યાપાદના પણ જ્ઞાયિકા, અજ્ઞાયિકા અને વિચિકિત્સાના ભેદથી ત્રણ પ્રકારની કહી છે. વિષયજન્ય અનર્થને જાણવા

वनेत्यर्थः, साऽपि ज्ञायिकाऽज्ञायिका - विचिकित्सा भेदेन त्रिविधा पूर्ववद् व्याख्येया ॥ सू० ८५ ॥

'जाणू'-त्ति ज्ञः-विद्वान्, स च ज्ञानाद् भवतीत्युक्तं, ज्ञानं चातीन्द्रियार्थेषु प्रायः शास्त्राद् भवतीति शास्त्रभेदेन तद् भेदानाह-'तिविहे अंते' इत्यादि, अन्तः-निर्णयः स त्रिविधः प्रज्ञप्तः, तथाहि-लोकान्तः १, वेदान्तः २, समयान्तः ३। तत्र-लोकान्तः, अत्र लोकशब्देन लोकशास्त्रं गृह्यते, तच्च-अर्थशास्त्रादि, तस्माद् अन्तः-अर्थादिरूपो निर्णय इति लोकान्तः। एवं वेदान्तः समयान्तश्च विज्ञेयः,

---

आसेवना का नाम पर्यापादना है यह आसेवना भी ज्ञायिका अज्ञायिका और विचिकित्सा के भेद से तीन प्रकार की होती है इनमें जो विषयजन्य अनर्थ को जानकर भी उनका सेवन करता है वह ज्ञायिका पर्यापादना है। तथा-अज्ञान से जो उनका सेवन करता है वह अज्ञायिका पर्यापादना है, और-जो संशयवालों की विषयों में सेवन रूप पर्यापादना है वह विचिकित्सा पर्यापादना है ॥ ८५ ॥

"जाणु" त्ति" ज्ञ नाम विद्वान का है आत्मा ज्ञ ज्ञान से होता है यह पहले कहा जा चुका है अतीन्द्रिय पदार्थों में ज्ञान प्रायः शास्त्र से होता है अतः-अब सूत्रकार शास्त्र भेदसे उसके भेदों का कथन करते हैं-"तिविहे अंतो" अन्त नाम निर्णय का है यह निर्णय लोकान्त वेदान्त और समयान्त के भेद से तीन प्रकार का कहा गया है यहां लोकान्त शब्द से लोक शास्त्र गृहीत हुवा है यह लोकशास्त्र अर्थशा-

---

છતાં પણ તેનું જો સેવન કરવામાં આવતું હોય તો એવા સેવનને 'જ્ઞાયિકા પર્યાપાદના' કહે છે, જો અજ્ઞાનથી તેનું સેવન કરાતું હોય તો તેને 'અજ્ઞાયિકા પર્યાપાદના કહે છે. સંશયવાળા જીવોની વિષયોના સેવન રૂપ જે પર્યાપાદના છે તેનું નામ "વિચિકિત્સા પર્યાપાદના" છે. ॥ સૂ. ૮૫ ॥

૮૬ માં સૂત્રનો ભાવાર્થ—"जाणु त्ति" 'જ્ઞ' એટલે જાણનાર અથવા વિદ્વાન. જ્ઞાનની પ્રાપ્તિથી જ આત્મા 'જ્ઞ' (વિદ્વાન) થાય છે, આ વાત પહેલાં પ્રકટ થઈ ચુકી છે. અતીન્દ્રિય પદાર્થોમાં જ્ઞાન પ્રાયઃ શાસ્ત્રો દ્વારા જ પ્રાપ્ત થાય છે. તેથી હવે સૂત્રકાર શાસ્ત્રના ભેદોની અપેક્ષાએ તેનું કથન કરે છે.

"तिविहे अंतो" ઇત્યાદિ—

'અન્ત' એટલે નિર્ણય. આ નિર્ણયના ત્રણ ભેદ કહ્યા છે-"લોકાન્ત, વેદાન્ત, અને સમયાન્ત." અહીં "લોકાન્ત" પદથી લોકશાસ્ત્ર ગૃહીત થયેલ છે. અર્થશાસ્ત્ર આદિને લોકશાસ્ત્ર કહે છે. તે લોકશાસ્ત્રને આધારે જે અર્થાદિ

तत्र—वेदा ऋग्यजुः सामाथर्वरूपाश्चत्वारः। समयाः—जैनसिद्धान्ता आचाराङ्गादयः ॥ सू० ८६ ॥

पूर्वं समयान्तः प्रोक्तः, समयश्च जिनकेवल्यर्हच्छब्दवाच्यैराप्तपुरुषैः प्ररूपितः एव सम्यग् भवतीति जिनादिशब्दवाच्यभेदान् प्ररूपयितुं सूत्रत्रयमाह-तत्र प्रथमजिनसूत्रमाह-'तओ जिणा इत्यादि, रागद्वेष मोहान् जयन्तीति जिनाः-सर्वज्ञाः

उक्तञ्च—" रागो द्वेषस्तथा मोहो, जितो येन जिनो ह्यसौ।
अस्त्रीशस्त्राक्षमालत्वादर्हन्नेवानुमीयते " ॥ १ ॥ इति।

स्त्रादिरूप कहा गया है इससे जो अर्थादिरूप निर्णय होता है वह लोकान्त है इसी प्रकार से ऋग्वेद यजुर्वेद सामवेद और अथर्ववेद ४ इस चार वेदों से जो अर्थादि निर्णय होता है वह वेदान्त है, तथा जैन सिद्धान्तरूप आचाराङ्गादिकोंसे जो अर्थादिरूप निर्णय होता है वह समयांत है ॥सू ८६॥

समयान्त का जो कथन किया जाता है सो वह समय जिन केवली अर्हन्त शब्दवाच्य आप्त पुरुषों द्वारा प्रणीत होने पर ही सम्यक् सत्य होता है इसलिये सूत्रकार अब जिनादि शब्दवाच्य भेदों की प्ररूपणा करने के लिये तीन सूत्र कहते हैं-" तओ जिणा " इत्यादि, जो राग द्वेष एवं मोहरूपी शत्रुओं को जीत लेते हैं वे जिन हैं सर्वज्ञ है। कहा भी है " रागो द्वेषस्तथा मोहः " इत्यादि, इन्द्रियरूपी शस्त्रों के मोजूद होने पर भी जो अस्त्री विषयवासना रहित हैं वे अर्हन्त हैं। ये जिन तीन होते हैं, जैसे-अवधिजिन-अवधिज्ञान की प्रधानतावाले जिन,

૩૫ નિર્ણય થાય છે તેને લોકાન્ત કહે છે. એ જ પ્રમાણે ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદને આધારે જે અર્થાદિ ૩૫ નિર્ણય થાય છે તેને વેદાન્ત કહે છે. આચારાંગાદિ ૩૫ જૈન સિદ્ધાન્તને આધારે જે અર્થાદિ ૩૫ નિર્ણય થાય છે તેને સમયાન્ત કહે છે ॥ સૂ. ૮૬ ॥

૮૭ માં સૂત્રનો ભાવાર્થ—સમયાન્તનું કથન પહેલાના સૂત્રમાં કરવામાં આવ્યુ. તે સમય જિન, કેવલી, અર્હન્ત, શબ્દવાચ્ય આપ્તપુરુષો દ્વારા પ્રણીત હોવાથી સમ્યક્ સત્ય હોય છે, તેથી હવે સૂત્રકાર જિનાદિ શબ્દવાચ્ય ભેદોનું નિરૂપણ કરવા નિમિત્તે ત્રણ સૂત્રો કહે છે-" તઓ જિણા " ઇત્યાદિ—

જેમણે રાગ, દ્વેષ અને મોહરૂપી શત્રુઓને જીતી લીધાં છે, તેમને જિન-સર્વજ્ઞ કહે છે. કહ્યું પણ છે કે-" रागो द्वेषस्तथा मोहः " ઇત્યાદિ—

ઇન્દ્રિયો રૂપી શસ્ત્રો મોજૂદ હોવા છતાં પણ જેઓ વિષયવાસનાથી રહિત હોય છે તેમને અર્હન્ત કહે છે.

ते त्रयो यथा अवधिज्ञानप्रधानो जिनोऽवधिज्ञानजिनः, मनः पर्यवज्ञानप्रधानो जिनो मनःपर्यवज्ञानजिनः, एतौ द्वौ निश्चयप्रत्यक्ष-ज्ञानवत् तया जिनावित्यजिनौ इत्युपचारगम्यौ स्तः । तृतीयः केवलज्ञानजिनः, एष निरुपचारः सर्वज्ञत्वात्—

मनः पर्यवज्ञानजिन-मनः पर्यवज्ञानप्रधानतावाले जिन, और केवलज्ञानजिन-केवलज्ञान की प्रधानतावाले जिन, इनमें अवधिज्ञानजिन और मनः पर्यवज्ञानजिन ये दो यथार्थ में केवलज्ञानजिन की तरह जिन नहीं हैं। क्यों कि इनका जो ज्ञान है वह विकल देशप्रत्यक्ष है जब कि-केवलज्ञानजिन का प्रत्यक्ष सकल प्रत्यक्ष है परन्तु-फिर भी केवलज्ञान-जिन का प्रत्यक्ष जैसा अपने विषय में पूर्णरूप से विशद होता है उसी प्रकार से इन दोनों जिनों का ज्ञान भी अपने अपने विषय में पूर्णरूप से विशद होता है। जैसा उनका प्रत्यक्ष अतीन्द्रिय होता है उसी प्रकार से ये दोनों ज्ञान भी अतिन्द्रिय होते हैं। इनके उनके प्रत्यक्ष में सङ्कलना और विकलता यह विषयोपाधिजन्य है, इसलिये निश्चय प्रत्यक्ष ज्ञानवाले होने से ये दोनों जिनके भगवान् जैसे जिन माने गये हैं, यह कथन उपचार से किया गया जानना चाहिये। वास्तव में जिन तो केवलज्ञानवाला जो होता है वही है। केवलज्ञान वालों में "जिन" ऐसा

જિન ત્રણ પ્રકારના કહ્યા છે-(૧) અવધિજિન-અવધિજ્ઞાનની પ્રધાનતા-વાળો જિન, (૨) મનઃપર્યવજ્ઞાન જિન-એટલે કે મનઃપર્યવજ્ઞાનની પ્રધાનતા વાળો જિન, અને (૩) કેવળજ્ઞાન જિન-એટલે કે કેવળજ્ઞાનની પ્રધાનતાવાળો જિન. આ ત્રણ પ્રકારના જે જિન કહ્યા છે તેમાંના અવધિજ્ઞાન જિન અને મનઃપર્યવજ્ઞાન જિન, આ બે કેવળજ્ઞાન જિનની જેમ યથાર્થ રૂપે જિન નથી, કારણ કે તેમનું જે જ્ઞાન હોય છે તે વિકલ (દેશપ્રત્યક્ષ) હોય છે, પરન્તુ કેવળજ્ઞાન જિનનું જ્ઞાન સકળ પ્રત્યક્ષ હોય છે, છતાં પણ કેવળજ્ઞાન જિનનું પ્રત્યક્ષ જ્ઞાન જેમ પોતાના વિષયમાં પૂર્ણરૂપે વિશદ હોય છે, એ જ પ્રમાણે અવધિજ્ઞાન જિન અને મનઃપર્યવજ્ઞાન જિનોનાં જ્ઞાન પણ પોતપોતાના વિષયમાં પૂર્ણરૂપે વિશદ હોય છે. જેવી રીતે તેમનું પ્રત્યક્ષ અતીન્દ્રિય હોય છે, એ જ પ્રમાણે તે બન્ને જ્ઞાન પણ અતીન્દ્રિય હોય છે. તેમના પ્રત્યક્ષમા સંકલતા અને વિકલતા તે વિષયોપાધિજન્ય છે, તેથી નિશ્ચય પ્રત્યક્ષ જ્ઞાનવાળા હોવાથી તે બન્ને જિનને ભગવાન જેવાં જ જિન માનવામાં આવ્યા છે, આ કથનને ઔપચારિક કથન જ સમજવું જોઇએ. વાસ્તવમાં કેવળજ્ઞાની જીવને જ ખરા જિન કહી શકાય છે. કેવળજ્ઞાની જીવોને "જિન" કહેવાનું કારણ એ

अथ केवलिसूत्रमाह-' तओ केवली ' इत्यादि, केवलम्-एकमनन्तं पूर्णं वा ज्ञानादिकं येषामस्तीति केवलिनः, उक्तञ्च—

" कसिणं केवलकप्पं, लोगं जाणंति तह य पासंति ।
केवलचरित्तणाणी, तम्हा ते केवली होंति ॥ १ ॥ "

छाया-कृत्स्नं केवलकल्पं, लोकं जानन्ति तथा च पश्यन्ति ।
केवलचारित्रज्ञानिनः, तस्मात्ते केवलिनो भवन्ति ॥ १ ॥

ते - अवधिमनःपर्यवकेवलज्ञानभेदात्त्रयः । तत्रावधिज्ञानकेवलीमनः-पर्यवज्ञानकेवलीत्येतौ द्वौ जिनवन्निश्चयप्रत्यक्षज्ञानवत्त्वादुपचारात्केवलिपदवाच्यौ स्तः, तृतीयः केवलज्ञानकेवली निरुपचारः सर्वभावानां साक्षाद्दर्शकत्वात् ।२।

व्यवहार उन्को सर्वज्ञ होने से निरुपचरित है। केवल शब्द का अर्थ एक अनन्त, अथवा पूर्ण है जिनको ज्ञानादिक एक अथवा अनन्त, या पूर्ण होता है वह केवली है। कहा भी है-" कसिणं केवलकप्पं " इत्यादि, ये केवली भी अवधिज्ञानी मनः पर्यवज्ञानी और केवलज्ञानी के भेद से तीन प्रकार के कहे गये हैं। इनमें अवधिज्ञानी केवली, और मनः पर्यवज्ञानी केवली ये दो, जिनकी तरह निश्चय प्रत्यक्षज्ञानवाले होने के कारण उपचार से केवली कहे गये हैं। और तीसरा जो केवलज्ञानी केवली है वह निरुपचरित केवली कहा गया है। क्यों कि वह रूपी और अरूपी समस्त भावों का साक्षात् देखने वाला होता है, तात्पर्य यह है कि-अवधिज्ञानी, और मनः पर्यवज्ञानी केवली रूपीमात्र पदार्थ को ही

છે કે તેઓ સર્વજ્ઞ હોય છે. કેવળ પદનો અર્થ એક, અનન્ત અથવા પૂર્ણ થાય છે. જેમના જ્ઞાનાદિક એક અથવા અનન્ત અથવા પૂર્ણ હોય છે તેમને કેવલી કહે છે. કહ્યું પણ છે કે-" कसिणं केवलकप्पं " ઇત્યાદિ—

તે કેવલીના પણ અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને કેવળજ્ઞાની, એ ત્રણ ભેદ કહ્યા છે. અવધિજ્ઞાની કેવલી અને મનઃપર્યવજ્ઞાની કેવલિ, આ બન્ને જિનની જેમ નિશ્ચય (નિયત) પ્રત્યક્ષ જ્ઞાનવાળા હોય છે, તેથી તેમને ઔપચારિક રીતે જ કેવલી કહેવામાં આવેલ છે, અને ત્રીજા જે કેવળજ્ઞાની કેવળી છે તેમને નિરુપચરિત કેવળી કહેવામાં આવ્યા છે, કારણ કે તેઓ રૂપી, અરૂપી સમસ્ત ભાવોને સાક્ષાત્ જોઈ શકનારા હોય છે. આ કથનનો ભાવાર્થ આ પ્રમાણે છે—

અવધિજ્ઞાની અને મન પર્યવજ્ઞાની કેવળી માત્ર રૂપી પદાર્થોને જ દ્રવ્ય ક્ષેત્રાદિની મર્યાદામાં રહીને સાક્ષાત્ જાણી દેખી શકે છે-તેઓ અરૂપી પદાર્થોને

अथ तृतीयमर्हत्सूत्रमाह-' तओ अरहा ' इत्यादि, अर्हन्तिदेवकृताष्टमहाप्रातिहार्यरूपमतिशयमित्यर्हन्तः । ते त्रयः शेष व्याख्या जिनवद् विज्ञेया३॥सू०८७॥

एते च सलेश्या अपि भवन्तीति चतुर्दशसूत्रीलेश्या प्रकरणमाह—

मूलम्—तओ लेसाओ दुब्भिगंधाओ पण्णत्ताओ, तं जहा कण्हलेस्सा, णीललेसा काउलेसा ।१। तओ लेसाओ सुब्भिगंधाओ पण्णत्ताओ तं जहा-तेऊलेसा, पम्हलेसा, सुक्कलेसा ।२। एवं दोग्गइगामिणीओ ३, सोग्गइगामिणीओ४, संकिलिट्ठाओ ५, असंकिलिट्ठाओ ६, अमणुण्णाओ ७, मणुण्णाओ

द्रव्यक्षेत्रादि की मर्यादा लेकर साक्षात् जानते है, अरूपी पदार्थों को नहीं। परन्तु-जो केवलज्ञान से केवली होता है केवलज्ञानवाला होता है वह रूपी अरूपी समस्त पदार्थों को जानता है, परन्तु अपने विषय को जानने में इन तीनों केवलियों को ज्ञान में वैशद्य का अन्तर नहीं है यही कथन निश्चय प्रत्यक्ष ज्ञानवान् निश्चय प्रत्यक्ष से कहा गया है। अर्हन्त सूत्र की प्ररूपणा करते हुवे सूत्रकार अब कहते हैं-जो देवकृत अष्ट महाप्रातिहार्यरूप अतिशयवाले होते हैं ऐसे अर्हन्त अवधिज्ञानअर्हन्त आदि के भेद से तीन प्रकार के जो कहे गये हैं सो इन पदों की व्याख्या जिन व्याख्या की तरह जाननी चाहिये ॥ सू०८७

જાણી-દેખી શકતા નથી પરન્તુ જે કેવળજ્ઞાનવાળા કેવળી હોય છે, તેઓ રૂપી અરૂપી સમસ્ત પદાર્થોને જાણી દેખી શકે છે, અમુક મર્યાદામાં રહેલા પદાર્થોને જ તેઓ જોઈ શકે છે, એવું નથી, પરન્તુ ત્રિકાળવર્તી અને ત્રણે લોકમાં રહેલા સમસ્ત દ્રવ્યોને " હાથમાં રહેલા આમળાની જેમ " જાણી-દેખી શકે છે. પરન્તુ પોતપોતાના વિષયમાં તે ત્રણે કેવલીઓના જ્ઞાનમાં પૂર્ણરૂપે વિશદતા જ હોય છે. એ જ વાત નિશ્ચય પ્રત્યક્ષ જ્ઞાનવાન્-નિશ્ચય પ્રત્યક્ષથી પ્રકટ કરવામાં આવી છે.

હવે સૂત્રકાર અર્હંત સૂત્રની પ્રરૂપણા કરે છે-જેઓ દેવકૃત અષ્ટ મહાપ્રાતિહાર્યરૂપ અતિશયવાળા હોય છે, એવા અર્હંતોના પણ ત્રણ પ્રકાર છે— (૧) અવધિજ્ઞાન અર્હંત, (૨) મનઃપર્યવજ્ઞાન અર્હંત અને કેવળજ્ઞાન અર્હંત. અવધિજ્ઞાન જિન આદિ પદોના જેવી જ આ પદોની વ્યાખ્યા સમજવી. ॥ સૂ. ૮૭ ॥

८, अविसुद्धाओ ९, विसुद्धाओ १०, अप्पसत्थाओ ११, पसत्थाओ १२, सीयलुक्खाओ १३, णिद्धुण्हाओ १४ ॥ सू०८८॥

छाया-तिस्रो लेश्या दुरभिगन्धाः प्रज्ञप्ताः, तद्यथा-कृष्णलेश्या, नीललेश्या, कापोतलेश्या । १ । तिस्रोलेश्याः सुरभिगन्धाः प्रज्ञप्ताः, तद्यथा-तेजोलेश्या, पद्मलेश्या, शुक्ललेश्या।२। एव दुर्गतिगामिन्यः३, सुगतिगामिन्यः ४, संक्लिष्टाः ५, असंक्लिष्टाः ६, अमनोज्ञाः ७, मनोज्ञाः ८, अविशुद्धाः ९, विशुद्धाः १०, अप्रशस्ताः ११, प्रशस्ता. १२, शीतरूक्षाः १३, स्निग्धोष्णाः १४ ॥ सू० ८८॥

ये लेश्या सहित भी होते हैं, अतः अब सूत्रकार १४ सूत्रों द्वारा लेश्या प्रकरण कहते हैं-" तओ लेस्साओ दुब्भिगंधाओ इत्यादि ।

सूत्रार्थ-तीन लेश्याएँ दुर्गन्धवाली कही गईहैं, जैसे कृष्णलेश्या १ नीललेश्या २ और कापोतलेश्या ३।१। तीन लेश्याएँ सुभिगन्धवाली कही गईहैं, जैसे-तेजोलेश्या १ पद्मलेश्या २ और शुक्ललेश्या ३ । २ । इसी प्रकार से तीन लेश्याएँ जीव को दुर्गति में ले जानेवाली कही गई हैं ३ और तीन लेश्याएँ जीव को सुगति में ले जानेवाली कही गई हैं ४ इसी प्रकार से तीन लेश्याएँ संक्लिष्ट (अशुभ) परिणामों का हेतु होने से संक्लिष्ट कही गई हैं ५ और तीन लेश्याएँ संक्लिष्ट परिणामों का हेतु नहीं होने से असंक्लिष्ट कही गई है ६ इसी प्रकार से तीन लेश्याएँ अमनोज्ञ कही गई हैं ७ और तीन लेश्याएँ मनोज्ञ कही गई हैं ८ इसी प्रकार से तीन लेश्याएँ अविशुद्ध ९ और तीन लेश्याएँ विशुद्ध १०

તેઓ લેશ્યાસહિત પણ હોય છે, તેથી હવે સૂત્રકાર ૧૪ સૂત્રો દ્વારા લેશ્યાઓનું કથન કરે છે-" तओ लेस्साओ दुब्भिगंधाओ " ઇત્યાદિ—

(૧) ત્રણ લેશ્યાઓને દુર્ગંધવાળી કહી છે-કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા. (૨) ત્રણ લેશ્યાઓને સુરભિ ગંધવાળી કહી છે-તેજો લેશ્યા પદ્મ લેશ્યા અને શુકલ લેશ્યા (૩) એ જ પ્રમાણે ત્રણ લેશ્યાઓને જીવને દુર્ગતિ અપાવનારી કહી છે. (૪) એ જ પ્રમાણે ત્રણ લેશ્યાઓને જીવને સુગતિમાં લઇ જનારી કહી છે (૫) એ જ પ્રમાણે ત્રણ લેશ્યાઓ સંકિલષ્ટ (મલીન) પરિણામોના હેતુ (કારણ) રૂપ હોવાથી તેમને સંકિલષ્ટ કહી છે, અને (૬) ત્રણ લેશ્યાઓ સંકલિષ્ટ પરિણામોના કારણરૂપ નહી હોવાથી તેમને અસંકિલષ્ટ કહી છે. (૭) એ જ પ્રમાણે ત્રણ લેશ્યાઓને અમનોજ્ઞ કહી છે, અને (૮) ત્રણ લેશ્યાઓને મનોજ્ઞ કહી છે (૯) એ જ પ્રમાણે ત્રણ લેશ્યાઓને અવિશુદ્ધ કહી

टीका—' तओ लेसाओ ' इत्यादि । तिस्र पट्सु त्रिसंख्यकाः लेश्याः दुरभिगन्धाः दुर्गन्धवत्यः प्रज्ञप्ताः, दुरभिगन्धत्वं च तासां पुद्गलात्मकत्वात्, पुद्गलेषु च गन्धादीनामवश्यम्भावात्, उक्तञ्च—

" जह गोमडस्स गंधो, सुणगमडस्स व जहा अहिमडस्स ।
एत्तो वि अणंतगुणो, लेसाणं अप्पसत्थाणं ॥ १ ॥ "

छाया—यथा गोमृतस्य गन्धः, शुनकमृतस्य यथाऽहिमृतस्य ।
इतोऽप्यनन्तगुणो लेश्यानामप्रशस्तानाम् ॥ १ ॥

ताः दर्शयति-कृष्णलेश्या, नीललेश्या, कापोतलेश्या । वर्णश्चासां नामानुसारी विज्ञेयस्तेन कृष्णलेश्या-कृष्णवर्णा, नीललेश्या-नीलवर्णा, कापोतलेश्या-

---

कही गई हैं। इसी प्रकार से तीन लेश्याएँ प्रशस्त कही गई हैं ११ और तीन लेश्याएँ अप्रशस्त कही गई हैं-१२। इसी प्रकार से तीन लेश्याएँ शीत-रूक्ष कही गईहैं-१३ और-तीन लेश्याएँ स्निग्ध-उष्ण कही गईहैं-१४।

इन सूत्रों का तात्पर्यार्थ इस प्रकार से है-लेश्या-६ प्रकार की कही गई हैं कृष्णलेश्या-नीललेश्या-कापोतलेश्या-तेजोलेश्या-पद्मलेश्या -और-शुक्ललेश्या-६। इन में आदि की जो ३ लेश्याएँ हैं-कृष्णलेश्या नीललेश्या, और-कापोतलेश्या-३ ये दुरभिगन्धवाली इसलिये कही गई हैं कि-ये दुरभिगन्धवाले पुद्गलों वाली होती हैं, क्यों कि-पुद्गलों में गन्धादिक गुण अवश्य होते है। कहा भी है-" जहगोमडस्स गंधो " इत्यादि-जैसीगोके मृतक शरीर की, कुत्ते के मरे शरीर की, अथवा-जैसी सर्पके मरे शरीर की, दुर्गन्ध होती है इस से भी अनन्तगुणें

છે, અને (૧૦) ત્રણ લેશ્યાઓને વિશુદ્ધ કહી છે (૧૧) એ જ પ્રમાણે ત્રણ લેશ્યાઓને અપ્રશસ્ત કહી છે અને (૧૨) ત્રણ લેશ્યાઓને પ્રશસ્ત કહી છે. (૧૩) એ જ પ્રમાણે ત્રણ લેશ્યાઓને શીત-રૂક્ષ કહી છે, અને (૧૪) ત્રણ લેશ્યાઓને સ્નિગ્ધ-ઉષ્ણ કહી છે

હવે આ ૧૪ સૂત્રોનો ભાવાર્થ પ્રકટ કરવામાં આવે છે-લેશ્યાના નીચે પ્રમાણે ૬ પ્રકાર કહ્યા છે-(૧) કૃષ્ણ લેશ્યા, (૨) નીલ લેશ્યા, (૩) કાપોત લેશ્યા (૪) તેજો લેશ્યા, (૫) પદ્મ લેશ્યા અને (૬) શુકલ લેશ્યા આ ૬ લેશ્યાઓમાંથી પહેલી ત્રણ લેશ્યાઓ ને દુરભિ ગન્ધવાળી કહેવાનું કારણ એ છે કે તે ત્રણે લેશ્યાઓ દુરભિ ગંધવાળા પુદ્ગલોવાળી હોય છે, કારણ કે પુદ્ગલોમાં ગંધાદિક ગુણ અવશ્ય હોય છે. કહ્યું પણ છે કે-" जह गोमडस्स गंधो " ઇત્યાદિ " ગાયના મૃત કલેવરની, કૂતરાના મૃત કલેવરની અને સાપના મૃત શરીરની

कपोतवर्णा धूम्रवर्णेत्यर्थः । १ । ' तओ ' इत्यादि, तिस्रोलेश्याः सुरभिगन्धाः-सुगन्धवत्यः प्रज्ञप्ताः आह चात्रार्थे--

" जह सुरभिकुसुमगंधो, गंधोवासाण पिस्समाणाणं ।
एत्तो वि अणंतगुणो, पसत्थलेसाण तिण्हंपि ॥ १ ॥

छाया-यथा सुरभिकुसुमगन्धः, गन्धोवासानां पिष्यमाणानाम् ।
इतोऽप्यनन्तगुणः (गन्धः) प्रशस्तलेश्यानां तिसृणामपि ॥ १ ॥

ता एवाह--तेजो-वह्निः, तद्वर्णालेश्या तेजोलेश्या लोहितवर्णेत्यर्थः, पद्म-

---

अधिकगन्ध कृष्ण-नील-एवं-कापोत इन तीन अप्रशस्त लेश्याओं की होती है [उत्त. अ. ३४ गा. १६] । " जह सुरहि कुसुमगंधो-" इत्यादि । जैसी सुगन्धित फूलों की सुगन्ध होती है, अथवा-जैसे-सुगन्ध पीसे जाते हुवे सुगन्धित द्रव्यों से आती है, इन से भी अनन्तगुण अधिक सुगन्धि पीत-पद्म-एवं शुक्ल, इन तीन प्रशस्त लेश्याओं की होती है [उत्तर-अ ३४ गा. १७] इन में वर्ण इन के नामानुसार होता है-इसलिये-कृष्णलेश्या कृष्णवर्ण वाली होती है, नीललेश्या नीलवर्णवाली होती है, एवम्-कापोतलेश्या धूम्रवर्णवाली होती है-१ " तओ-" इत्यादि, तीन लेश्याएँ-तेज, पद्म, और-शुक्ल, ये तीन लेश्याएँ जो-सुरभिगन्धि वाली कही गई हैं सो ये-सुरभिगन्धवाले पुद्गलोंवाली होती हैं । कहा भी है-" जह सुरभि कुसुमगंधो-" इत्यादि, वर्ण इन

જેવી દુર્ગંધ હોય છે, તેના કરતાં પણ અનન્તગણી અધિક દુર્ગંધ કૃષ્ણ, નીલ અને કાપોત, આ ત્રણ અપ્રશસ્ત લેશ્યાઓની હોય છે. " ઉ. સૂ. ના ૩૪ માં અધ્યયનની ૧૬ મી ગાથામાં આ વાતનું પ્રતિપાદન કરવામાં આવ્યુ છે.

" जह सुरहिकुसुमगन्धो " ઈત્યાદિ—

જેવી સુગંધીદાર ફૂલોની સુગંધ હોય છે, જેવી લસોટેલા સુગંધી દ્રવ્યોની સુગંધ હોય છે, તેના કરતાં પણ અનતગણી સુગન્ધ તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુકલ લેશ્યાની હોય છે. (ઉત્તર અ. ૩૪ ગાથા ૧૭)

આ છએ લેશ્યાઓનાં વર્ણ તેમના નામાનુસાર હોય છે. જેમકે કૃષ્ણ લેશ્યા શ્યામ વર્ણવાળી, નીલલેશ્યા નીલ વર્ણવાળી, કાપોત લેશ્યા ધૂમ્ર વર્ણવાળી હોય છે. " तओ " ઈત્યાદિ—

તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુકલ લેશ્યાને સુરભિ ગંધવાળી કહી છે. કારણ કે તેઓ સુરભિ ગંધવાળા પુદ્ગલોવાળી હોય છે. કહ્યું પણ છે કે—

" जह सुरभि कुसुमगंधो " ઈત્યાદિ—

लेश्या-पद्मगर्भवर्णा कमलगर्भसदृशपीतवर्णेत्यर्थः, शुक्लवर्णालेश्या शुक्ललेश्या । २ । एवं-प्रथम-द्वितीयसूत्रवत् तिस्रस्तिस्रो लेश्याः अशुभशुभरूपा दुर्गतिगामिनी सुगतिगामिन्यादि विशेषणविशिष्टाश्चतुर्दशसूत्रैर्व्याख्येयाः । तत्र दुर्गति-नरकतिर्यग्रूपां गमयन्ति प्राणिनमिति दुर्गतिगामिन्यः ३, सुगति-मनुष्यदेवगतिरूपां गमयन्ति प्राणिनमिति सुगतिगामिन्यः ४ । एवं संक्लिष्टाः संक्लेश-हेतुत्वात् ५, एतद्विपरीता असंक्लिष्टाः । एवं विपर्ययः सर्वत्र विज्ञेयः, स तु

में इनके नामानुसार होता है, जैसे-तेजोलेश्या लोहितवर्णवाली होती है क्यो कि-तेज नाम अग्निका है-अग्निका वर्ण लोहित होता है, अतः-यह लेश्या भी उसी के वर्ण जैसी कही गई है । पद्मलेश्या-पीतवर्णवाली होती है, क्यों कि-पद्मगर्भ पीतवर्णवाला होता है । पद्मशब्द से यहां पद्म का गर्भ लिया गया है । शुक्लवर्णवाली शुक्ललेश्या होती है प्रथम द्वितीय सूत्र के प्रतिपादन की तरह तीन-२ लेश्याएँ अशुभरूप और शुभरूप, दुर्गति में लेजानेवाली-और सुगति में लेजानेवाली-संक्लिष्ट हेतुवाली-और असंक्लिष्ट हेतुवाली तथा-अमनोज्ञ एवं-मनोज्ञ आदि विशेषणोंवाली होती हैं । ऐसा-प्रतिपादन इन दो सूत्रों से आगे के १२ सूत्रों द्वारा प्रतिपादन किया गया है-जो प्राणी को मनुष्य गतिरूप और देवगतिरूप शुभगतिमें लेजातीहैं, वे लेश्याएँ सुगतिगामिनी और-जो जीव को नरक एवं-तिर्यग्गति में लेजाती हैं वे दुर्गतिगामिनी हैं । अशुभ-

---

આ ત્રણ લેશ્યાઓનાં વર્ણ પણ તેમનાં નામાનુસાર જ હોય છે. જેમકે તેજ નામ અગ્નિનું છે. અગ્નિનો વર્ણ લોહિત (લાલ) હોય છે, તેથી આ લેશ્યાને પણ લોહિત વર્ણવાળી કહી છે. પદ્મલેશ્યા પીળા વર્ણની હોય છે, પદ્મગર્ભ (કમળનો ગર્ભ) પીળા વર્ણવાળો હોય છે " પદ્મ " પદથી અહીં પદ્મનો ગર્ભ ગૃહીત થયો છે શુકલ લેશ્યા સફેદ (શુકલ) વર્ણવાળી હોય છે. પહેલી ત્રણ લેશ્યાઓ અશુભ રૂપ દુર્ગતિમાં લઇ જનારી છે અને છેલ્લી ત્રણ લેશ્યાઓ શુભરૂપ સુગતિમાં લઇ જનારી છે. જે લેશ્યાઓ જીવને નરક અને તિર્યંચ ગતિમાં લઇ જાય છે, તે લેશ્યાઓને દુર્ગતિ ગામિની કહે છે, અને જે લેશ્યાઓ જીવને મનુષ્યગતિ અને દેવગતિ રૂપ શુભગતિમાં લઇ જાય છે, તે લેશ્યાઓને સુગતિ ગામિની કહે છે. પહેલી ત્રણ અશુભ લેશ્યાઓ જીવના સંક્લિષ્ટ પરિણામના હેતુભૂત થાય છે, તેથી તેમને સંક્લિષ્ટ લેશ્યાઓ કહી છે અને છેલ્લી ત્રણ શુભ લેશ્યાઓ (તેજો, પદ્મ અને શુકલ લેશ્યાઓ) જીવના સંક્લિષ્ટ પરિણામના હેતુભૂત થતી નથી, તેથી તેમને અસંક્લિષ્ટ લેશ્યાઓ કહે છે.

सुबोध एव ६, अमनोज्ञाः-असनोज्ञरसोपेतपुद्गलमयत्वात् ७-८ । अति शुद्धा वर्णतः-९-१० । अप्रशस्ताः-अश्रेयस्योऽनादेया इत्यर्थः ११-१२ । तथा-शीत रूक्षाः १३, स्निग्धोष्णाः १४, एते द्वे अपि स्पर्शत एवेति ॥ सू० ८८ ॥

पूर्वं लेश्यावर्णिताः, साम्प्रतं लेश्या विशिष्टमेव मरणं भवतीति मरणनिरूपणाय सूत्रचतुष्टयमाह-

मूलम्-तिविहे मरणे पण्णत्ते, तं जहा-बालमरणे, पंडियमरणे, बालपंडियमरणे १ । बालमरणे तिविहे पण्णत्ते, तं जहा

लेश्याएँ जीवको संक्लिष्ट परिणाम का हेतुभूत होती है और-शुभलेश्याएँ असक्लिष्ट परिणाम का हेतुभूत नहीं होती है । अमनोज्ञ और मनोज्ञ इन्हें इस कारण कहा गया है-कि अमनोज्ञ रसोपेत पुद्गलमय होती है और ये मनोज्ञ रसोपेत पुद्गलमय होती हैं । अविशुद्धता-और-विशुद्धता, इनमें वर्ण की अपेक्षा जाननी चाहिये। अप्रशस्तता-और-प्रशस्तता-इनमें-अश्रेयसी और-श्रेयसी होने के कारण हैं। अर्थात्-पूर्व की कृष्णादि ३ अनादेय-[त्याज्य] हैं, और उत्तर की तीन तेजोलेश्या आदि आदेय उपादेय हैं । शीतरूक्षता और स्निग्धउष्णता इनमें स्पर्श की अपेक्षा से कही गई जाननी चाहिये ॥ सू०८८ ॥

એ જ પ્રમાણે પહેલી ત્રણ અશુભ લેશ્યાઓ અમનોજ્ઞ, અવિશુદ્ધ અને અપ્રશસ્ત હોય છે જ્યારે છેલ્લી ત્રણ લેશ્યાઓ મનોજ્ઞ, વિશુદ્ધ અને પ્રશસ્ત હોય છે. પહેલી ત્રણ અશુભ લેશ્યાઓને અમનોજ્ઞ કહેવાનું કારણ એ છે કે તે ત્રણે લેશ્યાઓ અમનોજ્ઞ રસોપેત પુદ્ગલમય હોય છે, અને છેલ્લી ત્રણ શુભ લેશ્યાઓ મનોજ્ઞ રસોપેત પુદ્ગલમય હોવાને કારણે તેમને મનોજ્ઞ કહી છે.

પહેલી ત્રણ અશુભ લેશ્યાઓમાં વર્ણની અપેક્ષાએ અવિશુદ્ધતા સમજવી અને છેલ્લી ત્રણ શુભ લેશ્યાઓમાં વર્ણની અપેક્ષાએ વિશુદ્ધતા સમજવી. પહેલી ત્રણ લેશ્યાઓમાં અપ્રશસ્તા કહી છે અને છેલ્લી ત્રણ લેશ્યાઓમાં પ્રશસ્તતા કહી છે પહેલી ત્રણ લેશ્યાઓ એ શ્રેયસી હોવાથી એટલે કે કૃષ્ણાદિ ત્રણ લેશ્યાઓ અનાદેય (ત્યાજ્ય) હોવાથી તેમને અપ્રશસ્ત કહી છે અને તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુકલ લેશ્યા આદિ લેશ્યાઓ આદેય-ઉપાદેય હોવાથી તેમને પ્રશસ્ત કહેવામાં આવેલ છે.

પહેલી ત્રણ લેશ્યાઓમાં શીત રૂક્ષતા અને છેલ્લી ત્રણ લેશ્યાઓમાં સ્નિગ્ધ ઉષ્ણતા સ્પર્શની અપેક્ષાએ કહેવામાં આવેલ છે. ॥ સૂ. ૮૮ ॥

ठियलेसे, संकिलिट्ठलेसे पज्जवजायलेसे ।२। पंडियमरणे तिविहे पण्णत्ते, तं जहा-ठियलेसे, असंकिलिट्ठलेसे, पज्जवजायलेसे ।३। बालपंडियमरणे तिविहे पण्णत्ते, तं जहा-ठियलेसे, असंकिलिट्ठलेसे अपज्जवजायलेसे । ४ ॥ सू० ८९ ॥

छाया–त्रिविधं मरणं मज्ञप्तं, तद्यथा–बालमरणं, पंडितमरणं, बालपण्डितमरणम् । १ । बालमरणं त्रिविधं मज्ञप्तं, तद्यथा–स्थितलेश्यं संक्लिष्टलेश्यं, पर्यवजातलेश्यम् । २ । पण्डितमरणं त्रिविधं मज्ञप्तं, तद्यथा–स्थितलेश्यं, असंक्लिष्ट लेश्यम् पर्यवजातलेश्यम् । ३ । बालपण्डितमरणं त्रिविध मज्ञप्तं, तद्यथा–स्थितलेश्यं, असंक्लिष्टलेश्यं, अपर्यवजातलेश्यम् ४ ॥ सू० ८९ ॥

अब सूत्रकार लेश्या वर्णनके बाद मरण का निरूपण करते हैं। क्यों कि–मरण लेश्या विशिष्ट ही होता है " तिविहे मरणे पण्णत्ते " इत्यादि,

सूत्रार्थ–मरण तीन प्रकारका कहा गयाहै जैसे बाल मरण, पण्डित मरण, और बालपण्डित मरण, १ इनमें बालमरण भी तीन प्रकार का कहा गया है, जैसे स्थितिलेश्य, संक्लिष्टलेश्य, और पर्यवजातलेश्य २ पण्डितमरण भी तीन प्रकार का होता है, जैसे स्थितिलेश्य, असंक्लिष्ट लेश्य, और पर्यवजातलेश्य। बालपण्डित मरण भी तीन प्रकार का कहा गया है, स्थितिलेश्य असंक्लिष्टलेश्य और अपर्यवजातलेश्य।

લેશ્યાઓનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર મરણનુ નિરૂપણ કરે છે. મરણ લેશ્યાવિશિષ્ટ જ હોય છે, આ સંબધને અનુલક્ષીને લેશ્યાનુ નિરૂપણ કર્યા બાદ હવે મરણનું નિરૂપણ ચાર સૂત્રો દ્વારા કરવામાં આવે છે

" तिविहे मरणे पण्णत्ते " ઇત્યાદિ—

સૂત્રાર્થ–મરણ ત્રણ પ્રકારના કહ્યા છે—(૧) બાલ મરણ, (૨) પંડિત મરણ અને (૩) બાલ પંડિત મરણ.

બાલ મરણના પણ ત્રણ પ્રકાર કહ્યા છે—(૧) સ્થિતિ લેશ્ય, (૨) સંક્લિષ્ટ લેશ્ય અને (૩) પર્યવજાત લેશ્ય

પંડિત મરણના પણ ત્રણ પ્રકાર કહ્યા છે—(૧) સ્થિતિ લેશ્ય, (૨) અસંક્લિષ્ટ લેશ્ય અને (૩) પર્યવજાત લેશ્ય.

બાલ પંડિત મરણના પણ ત્રણ પ્રકાર કહ્યા છે—(૧) સ્થિતિ લેશ્ય, (૨) અસંક્લિષ્ટ લેશ્ય અને (૩) અપર્યવજાત લેશ્ય.

टीका--' तिविहे मरणे ' इत्यादि । मरणं, त्रिविधं, तदेवाह-बालमरणं, बालः-अज्ञस्तद्वद् यो वर्त्तते विरतिसाधकविवेकविकलत्वात् स बालः असंयत इत्यर्थः, तस्य मरणं बालमरण अस्मिन् मरणे व्रतप्रत्याख्यानादिकं न भवति। पण्डितमरणं, पण्डितः-सदसद्विवेकवान् विरतिफलेन फलवद्विज्ञानवत्त्वात् ज्ञाततत्त्वः संयत इत्यर्थः, तस्य मरणं पण्डितमरणम्, इदं व्रतप्रत्याख्यानादि सद्भावाच्छद्मस्थ-यतीनां भवति । बालपण्डितमरणं, बालः-अविरतः, पण्डितः-विरतः, उभयरूप-

टीकार्थ-इस मरणके प्रतिपादक ४ सूत्रहैं, बाल शब्दसे यहां अज्ञानी लिया गयाहै इस अज्ञानी जैसा जो होताहै वह मरणहै। अर्थात् जीव जबतक विरति साधक विवेकसे रहित बना रहताहै तब तक बाल असंयत रहताहै और इसीसे उसे अज्ञानी कहा गया है। इस अज्ञ अवस्था का बाल-दशा का जो मरण है वह बालमरण है, इस मरण में अज्ञानी जीव के व्रत प्रत्याख्यान आदि नहीं होते हैं। विरतिरूप फल से फलवाला होता है पण्डितमरण सत् असत् का विवेक जिसे होता है वह पण्डित है इसका ज्ञान पण्डित का ज्ञान विरतिरूप फल से सफल होता है, तत्त्वों का इसे ज्ञान हो जाता है अतः-यह संयतावस्था से युक्त हो जाता है ऐसे संयतरूप पण्डित का जो मरण है वह पण्डित मरण है। यह पण्डित मरण व्रत, प्रत्याख्यान आदि के सद्भाव से छद्मस्थ मुनियों को होता है तथा-बालपण्डित्त मरण देशविरति श्रावक को होता है,

ટીકાર્થ-મરણનું પ્રતિપાદન કરતાં ચાર સૂત્રો અહીં આપ્યા છે. બાલ શબ્દથી અજ્ઞાની જીવ ગૃહીત થયેા છે આ અજ્ઞાન અવસ્થા યુક્ત જીવના મરણને બાલ-મરણ કહે છે. આ કથનનેા ભાવાર્થ આ પ્રમાણે છે—

જીવ જ્યાં સુધી વિરતિસાધક વિવેકથી રહિત જ રહે છે, ત્યાંસુધી તે બાલ (અસંયત) જ રહે છે, અને તે કારણે જ તેને અજ્ઞાની કહેલા છે આ અજ્ઞ (જ્ઞાન રહિત) અવસ્થા રૂપ બાલદશા સંપન્ન જીવનું જે મરણ છે તેને બાલમરણ કહે છે. આ મરણથી મેાતને ભેટતા એવા અજ્ઞાની જીવ દ્વારા વ્રત, પ્રત્યાખ્યાન આદિની આરાધના થતી નથી. વિરતિ રૂપ ફલ દ્વારા જે મરણ થાય છે, તે મરણને પંડિત મરણ કહે છે જે માણસમાં સારાં નરસાંનેા વિવેક હેાય છે, તેને પડિત કહે છે. તે પંડિતનું જ્ઞાન વિરતિરૂપ ફળથી સફળ બને છે તે તત્વેાનુ જ્ઞાન થઈ જાય છે, તેથી તે સંયતાવસ્થાથી યુક્ત થઇ જાય છે એવા સંયતરૂપ પંડિતનું જે મરણ છે તેને પડિત મરણ કહે છે. વ્રત, પ્રત્યાખ્યાન આદિના સદ્ભાવમાં છદ્મસ્થ મુનિઓ આ પ્રકારનું પંડિત મરણ પ્રાપ્ત કરે છે. દેશવિરત શ્રાવકના મરણને બાલ પંડિત મરણ કહે છે. તે દેશવિરત

स्वाद् बालपण्डितः-संयतासंयतः देशविरतिश्रावक इत्यर्थः तस्य मरणं बालपण्डितमरणम्। यद्वा-बालं सर्वविरतिपरिणामाभावात्, पण्डितं स्थूलप्राणातिपातादिविरमणात्, बालं च तत् पण्डितं चेति बालपण्डितं, तद् योगात् मरणं बालपण्डितमरणम्। इदं देशविरतिमतः श्रावकस्य भवतीति ।१।

अथ बालमरणं कथयति-'बालमरणे इत्यादि, बालमरणं त्रिविधं, तदेवाह-स्थितलेश्यम्, स्थिता अवस्थिता अविशुध्यमाना असंक्लिश्यमाना च लेश्या कृष्णादिर्यस्मिन् तत्तथोक्तम् २। संक्लिष्टलेश्यं, स क्लिष्टा-संक्लिश्यमाना संक्लेशमागच्छन्ती लेश्या यस्मिन् मरणे तत्तथोक्तम् २। पर्यवजातलेश्यं, पर्यवाः-परिणामाद्-विशुद्धिविशेषाः जाताः

देशविरत श्रावक स्थावर हिंसा से अविरत होता है और त्रसहिंसा से विरत होता है। इसीलिये विरताविरत की अपेक्षा लेकर देशविरत श्रावक का मरण बालपण्डित मरण कहा गया है, अथवा-देशविरति श्रावक में सर्व विरति का अभाव रहता है, अतः इस अपेक्षा वह बाल है तथा-स्थूलप्राणातिपात आदि से विरमण रहता है इसलिये-वह पण्डित है बाल होकर भी इस तरह वह पण्डित है, इस बाल पण्डित के योग से मरण को भी बालपण्डित मरण कह दिया गया है १ बालमरण के प्रकारों को दिखाते हुवे सूत्रकार कहते हैं कि-स्थिति-लेश्य आदि जो तीन भेद बालमरण के कहे गये हैं उनका तात्पर्य इस प्रकार से है-जिस मरण में कृष्णादिलेश्या अविशुध्यमान और असंक्लिश्यमान होती है ऐसा वह मरण स्थितलेश्य बालमरण है २ जिस मरण में लेश्यासंक्लेश भाव को प्राप्त करती रहती है ऐसा वह मरण

શ્રાવક સ્થાવર હિંસાથી અવિરત હોય છે અને ત્રસહિંસાથી વિરત હોય છે, તે કારણે વિરતાવિરતની અપેક્ષાએ દેશવિરત શ્રાવકના મરણને બાલપંડિત મરણ કહે છે. અથવા દેશવિરતિ યુક્ત શ્રાવકમાં સર્વ વિરતિનો અભાવ રહે છે, તેથી આ અપેક્ષાએ વિચારવામાં આવે તો તે બાલ જ છે. પરન્તુ સ્થૂલ પ્રાણાતિપાત આદિ તે કરતો નથી, તેથી તે પંડિત છે-બાલ હોવા છતાં પણ આ રીતે તે પંડિત છે. આ બાલ-પંડિતના યોગથી તેના મરણને પણ બાલ પંડિત મરણ કહ્યું છે ।૧।

હવે બાલ મરણના સ્થિતિ લેશ્ય આદિ ત્રણ ભેદોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે-જે મરણમાં કૃષ્ણાદિ લેશ્યા અવિશુધ્યમાન અને અસંક્લિશ્યમાન હોય છે, તે મરણને " સ્થિતિ લેશ્ય બાલમરણ " કહે છે. ।૨।

જે મરણમાં લેશ્યા સંક્લેશ ભાવને પ્રાપ્ત કરતી રહે છે, એવા મરણને " સંક્લિષ્ટ લેશ્ય બાલમરણ " કહે છે. જે મરણમાં પ્રતિ સમય લેશ્યાની

मतिसमयमुत्पन्ना यस्यां सा पर्यवजाता विशुद्ध्या वर्धमानेत्यर्थः, तथाविधा लेश्या यस्मिंस्तत्तथोक्तम् ३ । अत्रायं भावः-कृष्णादिलेश्यः सन् यदा कृष्णादिलेश्येव नारकादिषूत्पद्यते तदा प्रथमं स्थितलेश्याभिधं बालमरणं भवति १ । यदा नीलादिलेश्यः सन् कृष्णादिलेश्येषूत्पद्यते तदा द्वितीयं संक्लिष्टलेश्याभिधं बालमरणं भवति २ । यदा पुनः कृष्णलेश्यादिः सन् नीलकापोतलेश्येषूत्पद्यते तदा तृतीयं पर्यवजातलेश्याभिधं बालमरणं भवति, उक्तं चान्यद्वयसंवादि भगवत्याम्, यदुत-

संक्लिष्टलेश्या बालमरण है २ जिस मरण में प्रतिसमय विशुद्ध विशेष उत्पन्न हुवे हों ऐसा वह मरण पर्यवज्ञानलेश्य बालमरण है यह पर्यव शब्द से विशुद्धि विशेष गृहीत हुवे हैं। तात्पर्य ऐसा है कि जिस मरण में तथाविधलेश्या विशुद्धि से वर्धमान है, ऐसा वह मरण पर्यवसान बालमरण है ३ यहां भाव ऐसा है-कृष्णादि लेश्यावाला हुवा कोई जीव जब कृष्णादि लेश्यावाले ही नारकादिकों में उत्पन्न होता है, तब उसका वह मरण प्रथम स्थितलेश्य नामवाला बालमरण कहलाता है १-जब नीलादि लेश्या वाला हुवा कोई जीव कृष्णादिलेश्यावालों में उत्पन्न होता है तब उसका वह मरण द्वितीय संक्लिष्ट लेश्य नाम का बाल-मरण कहलाता है २ और जब पुनः कृष्णादि लेश्यावाला हुवा नील एवम् कापोत लेश्यावालों में उत्पन्न होता है, तब उसका वह मरण तृतीय पर्यवजातलेश्य नामक बालमरण कहलाता है। भगवती में ऐसा

વિશુદ્ધિ વિશેષ ઉત્પન્ન થતી રહે છે, એવા મરણને "પર્યવજ્ઞાન લેશ્ય બાલ-મરણ" કહે છે. આ પર્યવ શબ્દથી વિશુદ્ધિ વિશેષ ગૃહીત થયેલ છે આ કથનનો ભાવાર્થ આ પ્રમાણે છે-જે મરણમાં તથાવિધ લેશ્યા વિશુદ્ધિની તરફ વર્ધમાન થતી જ રહે છે, એવા મરણને "પર્યવસાન બાલમરણ" કહે છે. ।૩।

આ વાતને સૂત્રકાર હવે દૃષ્ટાન્તો દ્વારા સમજાવે છે-(૧) કૃષ્ણાદિ લેશ્યાથી યુક્ત એવો કોઇ જીવ જ્યારે કૃષ્ણાદિ લેશ્યાવાળા નારકાદિકોમા ઉત્પન્ન થાય છે, ત્યારે તેના તે મરણને "સ્થિતિ લેશ્ય બાલમરણ" કહે છે. (૨) જ્યારે નીલાદિ લેશ્યાથી યુક્ત થયેલો કોઇ જીવ કૃષ્ણાદિ લેશ્યાવાળાઓમાં ઉત્પન્ન થાય છે, ત્યારે તેના મરણને 'સંક્લિષ્ટ લેશ્ય બાલમરણ' કહે છે. (૩) જ્યારે કૃષ્ણાદિ લેશ્યાથી યુક્ત થયેલો જીવ નીલ અને કાપોત લેશ્યાઓવાળામાં ઉત્પન્ન થાય છે, ત્યારે તેના તે મરણને 'પર્યવજાત લેશ્ય બાલમરણ' કહે છે.

ભગવતી સૂત્રમાં આ વિષયને અનુલક્ષીને એવું જ પ્રતિપાદન કરવામાં આવ્યુ છે. સૂત્રકાર અહીં સંવાદ રૂપે તે વાત પ્રકટ કરે છે—

" से नूणं भंते ! कण्हलेसे नीललेसे जाव सुक्कलेसे भवित्ता काउलेसेसु नेरइएसु उववज्जइ ? हंता गोयमा ! से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? गोयमा ! लेसा ठाणेसु संकिस्समाणेसु वा विसुज्जमाणेसु वा काउलेस्सं परिणमइ, परिणमित्ता काउलेस्सेसु नेरइएसु उववज्जइ " इति ।

" छाया—अथ नूनं भदन्त! कृष्णलेश्यो नीललेश्यो यावत् शुक्ललेश्यो भूत्वा कपोतलेश्येषु नैरयिकेषूत्पद्यते ? हन्त ! गौतम ! तत् केनार्थेन भदन्त ! एवमुच्यते ? गौतम ! लेश्यास्थानेषु संक्लिश्यमानेषु वा विशुध्यमानेषु वा कापोतलेश्यं (मरणं) परिणमति, परिणम्य कापोतलेश्येषु नैरयिकेषूत्पद्यते ॥ एतदनुसारेण पण्डितमरण-बालपण्डितमरणरूप सूत्रयोरपि स्थितलेश्यादिविभागो विज्ञेय इति । तत्र पण्डितमरणे लेश्यायाः संक्लिश्यमानता नास्ति संयतत्वादेवेत्ययं बालमरणात् पण्डितमरणे विशेषः । बालपण्डितमरणे तु लेश्यायाः संक्लिश्यमानता विशुध्यमानता च नास्ति मिश्रत्वादेवेत्ययं मरणद्वयाद्विशेषः । किमुक्तं

ही कहा है-" से णूणं भंते ! कण्हलेसे नीललेसे जाव सुक्कलेसे भवित्ता काउलेसेसु नेरइएसु उववज्जइ हंता ? गोयमा ? से केणट्ठेणं भंते ? एवं वुच्चइ ? गोयमा ? लेसाठाणेसु संकिलिस्समाणेसु वा विसुज्झमाणेसु वा काउलेस्सं परिणमइ परिणमित्ता काउलेस्सेसु नेरइएसु उववज्जइ " इति । इस कथन के अनुसार पण्डितमरण और बालमरण एवं पण्डितमरण के सूत्रों में स्थितलेश्य आदि विभाग किया गया जानना चाहिये बालमरण की अपेक्षा पण्डितमरण में लेश्या की संक्लिश्यमानता नहीं है। क्यों कि यह मरण संयत को ही होता है, अतः बालमरण से पण्डितमरण में विशेषता है। बालपण्डितमरण में तो लेश्या की संक्लिश्यमानता और-विशुध्यमानता नहीं है, क्यों कि-वह

" सेणूणं भंते ! कण्हलेसे नीललेसे जाव सुक्कलेसे भवित्ता काउलेसेसु नेरइएसु उववज्जइ ? हंता, गोयमा ! से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? गोयमा ! लेसाठाणेसु संकिलिस्समाणेसु वा विसुज्झमाणेसु वा काउलेस्सं परिणमइ परिणमित्ता काउलेस्सेसु नेरइएसु उववज्जइ " ॥

આ કથન અનુસાર પંડિત મરણ અને 'બાલમરણ અને પંડિતમરણ' (બાલ પંડિત મરણ) ના સૂત્રોમાં સ્થિતલેશ્ય આદિ પ્રકારોનું કથન પણ સમજવું. બાલમરણમાં લેશ્યાની સંક્લિશ્યમાનતા કહી છે, પરન્તુ પંડિતમરણમાં લેશ્યાની સંક્લિશ્યમાનતા નથી, કારણ કે સંયત જીવ જ પંડિત મરણ પ્રાપ્ત કરે છે, તેથી બાલમરણ કરતાં પંડિત મરણમાં આ પ્રકારની વિશિષ્ટતા કહી છે.

બાલપંડિત મરણમાં તો લેશ્યાની સંક્લિશ્યમાનતા અને વિશુધ્યમાનતા હોતી નથી, કારણ કે તે મરણ મિશ્રરૂપ હોય છે. ઉપર્યુક્ત બે મરણ કરતાં

भवति ! बालपण्डितमरणं तु संयतासंयतस्य श्रावकस्य भवति, तेन तस्मिन् देश संयतत्वेन संक्लिश्यमानलेश्याया अभावः, असंयतत्वेन च विशुध्यमानलेश्याया अभावो भवति मिश्रत्वादित्ययं बालमरणात् पण्डितमरणाच्चात्र विशेष इति४॥सू.८९॥

पूर्वं मरणं प्रोक्तं, मृतस्य त्वपरजन्मनि यादृशस्य यद्वस्तुत्रिकं यस्मै निष्पद्यते तस्य तद्वस्तुत्रयं तस्मै तदर्थं सम्पद्यमानं दर्शयितुं सूत्रद्वयमाह—

मूलम्--तओ ठाणा अव्ववसियस्स अहियाए असुहाए अक्खमाए अणिस्सेयसाए अणाणुगामियत्ताए भवंति, तं जहा --से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए णिग्गंथे पावयणे संकिए कंखिए वितिगिच्छिए भेयसमावन्ने कलुससमावन्ने निग्गंथं पावयणं णो सद्दहइ णो पत्तियइ णो रोएइ तं परिस्सहा अभिजुंजिय२ अभिभवंति, णो से परिस्सहे अभिजुंजिय २ अभिभवइ १। से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए पंचहिं महव्वएहिं संकिए जाव कलुससमावन्ने पंचमहव्वयाइं नो सद्दहइ जाव णो से परिस्सहे अभिजुंजिय २

मरण मिश्ररूप होता है यही इसमें दो मरणों से विशेषता है। तात्पर्य कहने का ऐसा है कि यह बालपण्डितमरण संयतासंयत (श्रावक) को होता है, इसलिये-इस मरण में देशसंयत के होने के कारण संक्लिश्यमान लेश्या का अभाव रहता है, और असंयत होने के कारण विशुध्यमान लेश्या का अभाव रहता है अतः मिश्ररूप होने से इसमें बालमरण और पण्डितमरण से विशेषता है-॥ ४ ॥ सू०८९ ॥

આ મરણમાં એટલી જ વિશેષતા છે. આ કથનનું તાત્પર્ય આ પ્રમાણે છે— સંયતાસંયત શ્રાવકનુ મરણ જ બાલપંડિત મરણરૂપ હોય છે. આ મરણથી મરનાર વ્યક્તિમાં દેશસયતતા હોવાને લીધે સંક્લિશ્યમાન લેશ્યાનો અભાવ રહે છે અને અસંયતતા હોવાને કારણે વિશુધ્યમાન લેશ્યાનો અભાવ રહે છે આ રીતે તે મિશ્રરૂપ હોવાથી તેમાં બાલમરણ અને પંડિતમરણ કરતાં વિશેષતા હોય છે. ॥ સૂ. ૮૯ ॥

अभिभवइ । से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए छहिं जीवनिकाएहिं जाव अभिभवइ ३ ॥१॥

तओ ठाणा विवत्तियस्स हियाए जाव आणुगामियत्ताए भवंति, तं जहा--से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए णिग्गंथे पावयणे णिस्संकिए णिक्कंखिए जाव नो कलुससमावन्ने णिग्गंथं पावयणं सद्दहइ पत्तियइ रोएइ से परिस्सहे अभिजुंजिय २ अभिभवइ, नो तं परिस्सहा अभिजुंजिय २ अभिभवंति १ । से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए समाणे पंचहिं महव्वएहिं णिस्संकिए णिक्कंखिए जाव परिस्सहे अभिजुंजिय २ अभिभवइ, नो तं परिस्सहा अभिजुंजिय २ अभिभवंति २ से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए छहिं जीवनिकाएहिं णिस्संकिए जाव परिस्सहे अभिजुंजिय २ अभिभवइ, नो तं परिस्सहा अभिजुंजिय २ अभिभवंति ३ ॥ सू० ९० ॥

छाया—त्रीणि स्थानानि अव्यवसितस्य अहिताय असुखाय अक्षमाय अनिश्रेयसाय अनानुगामिकतायै भवन्ति, तद्यथा स खलु मुण्डो भूत्वा अगारात् अन-

---

इस प्रकार से मरण के सम्बन्ध में कथन किया अब सूत्रकार इस नव्वे ९० सूत्र में कथित तीन स्थान किनके लिये अहित कर आदि विशेषणोंवाले होते हैं और किनकेलिये हितकर आदि विशेषणों वाले होते हैं ऐसा कथन करते हैं "तओ ठाणा अव्ववसियस्स अहियाए असुहाए" इत्यादि ।

सूत्रार्थ–तीन स्थान अव्यवसित – उद्यमहीन जीव को अहित

મરણનું નિરૂપણ કરવામાં આવ્યું. આ નેવુંમાં સૂત્રમાં પ્રતિપાદિત ત્રણ સ્થાનો કોને માટે અહિતકર હોય છે અને કોને માટે હિતકર હોય છે તેનું કથન કરે છે–" तओ ठाणा अव्ववसियस्स अहियाए असुहाए " ઇત્યાદિ—

સૂત્રાર્થ–નીચે જેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે એવાં ત્રણ સ્થાન (કારણો) અવ્યવસિત (ઉદ્યમહીન) જીવનું અહિત કરનારા, અસુખ કરનારા, અસમ-

गारितां प्रव्रजितो नैर्ग्रन्थे प्रावचने शङ्कितः काङ्क्षितः विचिकित्सितः। भेदसमापन्नः कलुषसमापन्नः नैर्ग्रन्थं प्रवचनं नो श्रद्दधाति नो प्रत्येति नो रोचयति तं परीषहा अभियुञ्ज२ अभिवन्ति, (किन्तु) नो स परीषहान् अभियुञ्ज २ अभिभवति १। स खलु मुण्डो भूत्वा अगारात् अनगारितां प्रव्रजितः पञ्चसु महाव्रतेषु शङ्कितो यावत् कलुषसमापन्नः पञ्चमहाव्रतानि नो श्रद्दधाति यावत् नो स परीषहान् अभियुञ्ज२ अभिभवति २। स खलु मुण्डो भूत्वा अगारात् अनगारितां प्रव्रजितः षट्सु जीवनिकायेषु यावद् अभिभवति ३। १।

के लिये, असुख के लिये, असमर्थता के लिये और - अशुभानुबन्ध के लिये होते है। वे तीन स्थान इस प्रकार से हैं-जैसे कोई पुरुष मुण्डित हो करके-अगारावस्था से अनगारावस्था को धारण कर लेता है, परन्तु-वह नैर्ग्रन्थ प्रवचन में शङ्कित है, काङ्क्षित है, विचिकित्सित है, भेदसमापन्न है और निर्ग्रन्थ प्रवचन की श्रद्धा नहीं करता है-उसी प्रतीति में नहीं लाता है-अपनी रुचि का विषय उसे नहीं बनाता है, तो ऐसे अनगार को द्रव्यलिङ्गीसाधु को परीषह उसे आकरके आकुल व्याकुल कर देते हैं ॥ १ ॥ यदि कोई पुरुष मुण्डित होकर अगारावस्था से अनगारावस्था को धारण कर लेता है, परन्तु यदि वह पांच महाव्रतों में शङ्कित यावत् कलुषसमापन्न है और पांच महाव्रतों को श्रद्धा की दृष्टि से नहीं देखता है यावत् उन्हें अपनी रुचिका विषय नहीं बनाता है, तो ऐसे उस अनगार को द्रव्यलिङ्गी साधुको परीषह आ आ करके आकुलव्याकुल कर देते हैं २ उसी प्रकार से मुण्डित अगारावस्था से अनगारावस्था में प्रव्रजित हुवा कोई पुरुष षड्जीव निकाय के विषयमें शङ्कित यावत्-कलुष समापन्न है और उस निकाय

થંતા ઉત્પન્ન કરનારા અને અશુભાનુબંધ કરનારા થઇ પડે છે. તે ત્રણ સ્થાન આ પ્રમાણે છે—

કોઇ પુરુષ મુંડિત થઇને અગારાવસ્થાનો પરિત્યાગ કરીને અણગારાવસ્થા ધારણ કરે છે, પરન્તુ નિર્ગ્રંથ પ્રવચન પ્રત્યે શંકિત, કાંક્ષિત, વિચિકિત્સિત, ભેદ સમાપન્ન અને કલુષ સમાપન્ન છે, અને નિર્ગ્રંથ પ્રવચન પ્રત્યે શ્રદ્ધા નથી, તેને પોતાની પ્રતીતિમાં લાવતો નથી અને તેમાં રુચિ રાખતો નથી, તો એવો અણગાર—દ્રવ્યલિંગી સાધુ આવી પડેલા પરીષહોથી આકુલવ્યાકુલ થઈ જાય છે

(૨) કોઈ પુરુષ મુંડિત થઈને—ગૃહસ્થાવસ્થાના ત્યાગપૂર્વક અણગારાવસ્થા ધારણ કરવા છતા પણ પાંચ મહાવ્રતોમાં શંકિત, કાંક્ષિત, વિચિકિત્સિત ભેદ સમાપન્ન અને કલુષ સમાપન્ન થાય છે, તથા પાંચ મહાવ્રતો પ્રત્યે શ્રદ્ધાની નજરે જોતો નથી, તેમને પોતાની પ્રતીતિનો વિષય બનાવતો નથી અને તેમાં રુચિ રાખતો નથી, તો તે અણગાર દ્રવ્યલિંગી સાધુ તેના ઉપર આવી પડતા પરીષહોથી આકુલવ્યાકુલ થઈ જાય છે.

એ જ પ્રકારે ગૃહસ્થાવસ્થાના પરિત્યાગપૂર્વક અણગારાવસ્થામાં પ્રવ્રજિત થયેલ કોઇ સાધુ જ્યારે છકાયના જીવોના વિષયમાં શંકિત, કાંક્ષિત આદિ

तीणि स्थानानि व्यवसितस्य हिताय यावत् आनुगामिकतायै भवन्ति, तद्यथा –स खलु मुण्डो भूत्वा अगारात् अनगारितां प्रव्रजितो नैर्ग्रन्थे प्रावचने निश्शङ्कितः निष्काङ्क्षितः यावत् नो कलुषसमापन्नः नैर्ग्रन्थं प्रावचनं श्रद्दधाति प्रत्येति रोचयति स परीषहान् अभियुज्य २ अभिभवति, (किन्तु) नो तं परीषहा अभियुज्य २ अभिभवन्ति १ । स खलु मुण्डो भूत्वा अगारात् अनगारितां प्रव्रजितः सन् पञ्चसु महाव्रतेषु निश्शङ्कितः निष्काङ्क्षितः यावत् परीषहान् अभियुज्य२ अभिवति, नो तं परीषहा अभियुज्य २ अभिभवन्ति२ । स खलु मुण्डो भूत्वा अगारात्

को यदि वह श्रद्धा की दृष्टि से नहीं देखता है, यावत्–उसे अपनी रुचि का विषय नहीं बनाता है, तो ऐसे उस द्रव्यलिङ्गिसाधु को परीषह आआ करके आकुल–व्याकुल कर देते हैं–३–१

तीन स्थान व्यवसित (उद्यमवाले) जीवको हितके लिये यावत्–अनुगामिताके लिये होते हैं, वे तीन स्थान इस प्रकारसे हैं–जैसे कोई मनुष्य मुण्डित हो करके अगारावस्था से अनगारावस्था में प्रवजित हो जाता है और–निःशङ्कित आदि विशेषणों से युक्त हुवा निर्ग्रन्थ प्रवचन पर श्रद्धा रखता है, उस पर प्रतीति करता है, उसे अपनी रुचि का विषय बनाता है, तो ऐसे–उस अनगार के पास परीषह आते तो हैं, और उसे आकुल व्याकुल करने की चेष्टा भी करते हैं परन्तु–वह उनसे आकुल व्याकुल नहीं होता है–१ यदि कोई पुरुष मुण्डित हो करके अगारावस्था से अनगारावस्था को धारण करलेता है और–पांच महाव्रतों में निःशङ्कित एवं निष्कांक्षित आदि विशेषणोंवाला होकर यावत् उन के विषय में वह कलुष समापन्न नहीं होता है, और उन्हें–श्रद्धा की दृष्टि से देखता है, यावत्–उन्हें वह अपनी रुचि का विषय बनाता

કલુષ સમાપન્ન પર્યન્તના ભાવોથી યુક્ત થાય છે, અને તે ષડ્જીવનિકાયને જો તે શ્રદ્ધાની નજરે જોતો નથી, તેને પોતાની પ્રતીતિનો વિષય બનાવતો નથી, તેમાં રુચિ રાખતો નથી, તો એવા દ્રવ્યલિંગી સાધુને–પરીષહો આવી આવીને આકુલ–વ્યાકુલ કરી નાખે છે.

હવે એ વાતનું પ્રતિપાદન કરવામાં આવે છે કે કયા ત્રણ સ્થાન વ્યવસિત (ઉદ્યમી) જીવને માટે હિતકારી, સુખકારી, સમર્થતા ઉત્પન્ન કરનારા અને અનુગામિતા (શુભાનુબંધ) કારી હોય છે. તે ત્રણ સ્થાન નીચે પ્રમાણે છે—

(૧) કોઈ મનુષ્ય મુંડિત થઈને અગારાવસ્થાના પરિત્યાગપૂર્વક અણગારાવસ્થા ધારણ કરે છે. તે નિઃશંકિત આદિ ભાવોથી નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા રાખે છે, તેની પ્રતીતિ કરે છે અને તેને પોતાની રુચિનો વિષય બનાવે

अनगारितां प्रव्रजितः षट्सु जीवनिकायेषु निश्शङ्कितो यावत् परीषहान् अभियुज्य २ अभिभवति, (किन्तु) नो तं परीषहा अभिभवन्ति ३ ।२। सू० ९० ॥

टीका—' तओ ' इत्यादि । त्रीणि स्थानानि–अनुपदं वक्ष्यमाणानि प्रवचन–महाव्रत–जीवनिकायरूपाणि अव्यवसितस्य–व्यवसितः–निश्चयवान् पराक्रमवान् वा, तन्निषेधाद् अव्यवसितः–अनिश्चयवान् अपराक्रमवानित्यर्थः, तस्य अहिताय–अपथ्याय, असुखाय–दुःखाय, अक्षमाय–असमर्थतत्वाय, अनिःश्रेयसाय–अमोक्षाय

है तो ऐसे उस अनगार को परीषह आने पर भी आकुल व्याकुल नहीं करते हैं इसी तरह मुण्डित होकर जो पुरुष अगारावस्था से अनगारावस्था को धारण करता है और–षड्जीवनिकाय के विषय में निश्शङ्कित आदि विशेषणों वाला बना होकर उसपर श्रद्धा करता है और यावत्–उसे अपनी रुचि का विषय बनाता है तो ऐसे उस अनगारको परीषह बार–२ आकरके भी आकुल व्याकुल नहीं करपातेहैं–३

इन तीन सूत्रों का भावार्थ ऐसा है व्यवसित शब्द का अर्थ निश्चयवाला या " पराक्रमवाला " ऐसा है जो ऐसा नहीं है वह मनुष्य अव्यवसित है। अर्थात् जो निश्चयवाला नहीं है, या–पराक्रमवाला नहीं है उस के लिये ये प्रवचनरूप महाव्रत और–जीवनिकायरूप तीन

